-300-1-2012 D\Yajurvedi\Shedule\Last Date Exam Fee March-2012

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

નં. પરીક્ષા / ૩૩૮૩૪ / ૨૦૧૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૪-૧-૨૦૧૨

સુધારેલ પરિપત્ર

## યુનિવર્સિટી પરીક્ષાઓ માર્ચ-એપ્રિલ-૨૦૧૨

**પરિપત્ર નં : ૨૩૯**

**નોંધ : (૧) વિદ્યાર્થીઓના પરીક્ષા માટેના આવેદનપત્રોમાં વિષયોનાં કોડ કોમ્બિનેશન ચોકસાઈપૂર્વક ભરવા જેથી પરીક્ષા દરમિયાન તે જ વિષયનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીને મળે અને પરીક્ષા વખતે પ્રશ્નપત્ર ન મળવાની બાબતથી બચી શકાય. આ અંગેની તમામ જવાબદારી કૉલેજની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.**

**(૨) વિદ્યાર્થીના બેઠક નંબરની યાદી મળ્યાના ૧૫ દિવસમાં જ નામમાં કોઈ પણ પ્રકારની ભૂલ હોય તો યુનિવર્સિટીમાં સુધારો કરી લેવાનો રહેશે. ૧૫ દિવસ બાદ નામ સુધારાના રૂ. ૧૦૦/- ભરવાના રહેશે.**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨ના માર્ચ માસથી લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટેનાં આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને જે તે પરીક્ષાઓ માટેની નિયત થયેલ પરીક્ષાની ફી અંગેની માહિતી નીચે દર્શાવવામાં આવેલ છે. પરીક્ષા શરૂ થવાની તારીખ અંગેની માહિતી જુદા પરિપત્રથી ટૂંક સમયમાં મોકલવામાં આવશે.

યુનિવર્સિટીએ નિયત કરેલ તારીખ સુધીમાં બધા વિદ્યાર્થીઓનાં તમામ ગુણપત્રકોની નકલો સાથેનાં આવેદનપત્રો (એક્સ-રીપિટર વિદ્યાર્થીઓનાં પણ) યુનિવર્સિટીને જે તે પરીક્ષાની **નિયત ફી સાથે અચૂક મળે તે રીતે તા. ૩૦-૧-૨૦૧૨** સુધીમાં આ કાર્યાલયને મળે તે રીતે મોકલવાનાં રહેશે. પરીક્ષાની નિયત ફી તથા જરૂરી ગુણપત્રકોની પ્રમાણિત નકલો વિના મળેલ આવેદનપત્ર સ્વીકારવાનું બની શકશે નહિ. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. તેની પણ સ્પષ્ટતા કરવામાં આવે છે, તો જે તે પરીક્ષાનાં આવેદનપત્રો યુનિવર્સિટી કાર્યાલયને મોકલાય ત્યારે તેની નિયત ફી ગુણપત્રક ફી ના ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ જ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં લેવામાં આવશે.

**કોઈ અનિવાર્ય સંજોગોમાં કોઈ વિદ્યાર્થીનું આવેદનપત્ર (તા. ૩૦-૧-૨૦૧૨ પછી) મોડું સ્વીકારવામાં આવ્યું હોય તો યુનિવર્સિટીએ મુકરર કરેલ તારીખથી પ્રથમ ચૌદ દિવસ સુધીમાં એટલે કે તા. ૧૪-૨-૨૦૧૨ સુધી જ રૂપિયા ૧૦/-, તથા તા. ૨૧-૨-૨૦૧૨ સુધી રૂ. ૧૦૦/- ની લેઈટ ફી સાથે આ કાર્યાલયને મળે તે રીતે સ્વીકારવામાં આવશે. કૉલેજ ફી સ્વીકારી ફોર્મ અત્રે નહીં મોકલે તો તે અંગેની સઘળી જવાબદારી કૉલેજની રહેશે.**

**કોઈપણ સંજોગોમાં નિયતમર્યાદા પછી વિદ્યાર્થીને ફોર્મ લઈ યુનિવર્સિટીમાં આપવા માટે મોકલવા નહીં. નિયત દંડ સાથે નિયત મર્યાદામાં કૉલેજ દ્વારા મોકલાવેલ ફોર્મ જ સ્વીકારવામાં આવશે. જે વિદ્યાર્થીઓ નિશ્ચિત તારીખ પહેલાં ફોર્મ ભરવા ના આવ્યા હોય તો તેમને નિયતમર્યાદા પહેલાં નોટિસ આપી જાણ કરવી.**

**તમામ આચાર્યશ્રીઓને નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે જે વિદ્યાર્થીઓએ ફોર્મ ના ભર્યા હોય તેમને કોઈ પણ સંજોગોમાં પાછળથી યુનિવર્સિટી પરીક્ષાના દિવસે ડમી નંબર આપી બેસાડવા નહીં. આ અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.**

**જે વિદ્યાર્થીઓ નવેમ્બર, ૨૦૧૧માં બેઠા છે તેમજ આવેદનપત્ર ભરવાની તારીખ સુધીમાં પરિણામ જાહેર થયેલ ન હોય તો તેમને તેમની પરીક્ષાના પરિણામ જાહેર થયા પછી તરત જ પરંતુ વધુમાં વધુ ૧૫ દિવસની સમયમર્યાદામાં આવેદનપત્ર ભરવાનાં રહેશે.**

[P.T.O.

| ક્રમાંક | પરીક્ષાનું નામ | પરીક્ષાના ફોર્મ કૉલેજ દ્વારા સ્વીકારવાની છેલ્લી તારીખ | પરીક્ષા ફી રૂ. પૈસા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ફર્સ્ટ બી.એસ.સી. (ફાયર સેફટી) (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦૦-૦૦ |
| ૨. | ફર્સ્ટ બી.એસ.સી. (ફેશન ડિઝાઈન) (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૩. | સેકન્ડ બી.એસ.સી. (ફાયર સેફટી) (રેગ્યુલર, રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦૦-૦૦ |
| ૪. | સેકન્ડ બી.એસ.સી. (ફેશન ડિઝાઈન) (રેગ્યુલર, રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૫. | થર્ડ બી.એસ.સી. (ફાયર સેફટી) (રેગ્યુલર, રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦૦-૦૦ |
| ૬. | થર્ડ બી.એસ.સી. (ફેશન ડિઝાઈન) (રેગ્યુલર, રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૭. | ફર્સ્ટ બી.સી.એ. (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૮. | સેકન્ડ બી.સી.એ. (રેગ્યુલર, રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૯. | થર્ડ બી.સી.એ. (રેગ્યુલર, રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૧૦. | ફર્સ્ટ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર) (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૧. | ફર્સ્ટ એલએલ.બી. (મોન્સૂન સેમેસ્ટર) (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૨. | સેકન્ડ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૩. | સેકન્ડ એલએલ.બી. (મોન્સૂન સેમેસ્ટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૪. | થર્ડ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૫. | થર્ડ એલએલ.બી. (મોન્સૂન સેમેસ્ટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૬. | એલ.એલ.એમ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૧૭. | બી.એડ્. ભાગ-૧ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૮. | બી.એડ્. ભાગ-૨ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૧૦૦-૦૦ |
| ૧૯. | એમ.એડ્. (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૨૦. | ડિપ્લોમા ઈન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ | ૩૦-૧-૨૦૧૨ | ૧૫૦-૦૦ |
| ૨૧. | ડિપ્લોમા ઈન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ | ૩૦-૧-૨૦૧૨ | ૧૫૦-૦૦ |
| ૨૨. | ફર્સ્ટ ઈયર ડિપ્લોમા ઈન લિંગ્વિસ્ટિક્સ | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૨૩. | સેકન્ડ ઈયર ડિપ્લોમા ઈન લિંગ્વિસ્ટિક્સ | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૨૪. | માસ્ટર ઑફ લાઈબ્રેરી સાયન્સ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૨૫. | માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન ભાગ-૧ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૫૦-૦૦ |
| ૨૬. | માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન ભાગ-૨ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૫૦-૦૦ |
| ૨૭. | સર્ટિફિકેટ કોર્સ ઈન પ્રાકૃત | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૨૮. | માસ્ટર ઑફ લેબર વેલ્ફેર (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૫૦-૦૦ |
| ૨૯. | બેચેલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન | ૩૦-૧-૨૦૧૨ | ૩૦૦-૦૦ |
| ૩૦. | પ્રથમ વર્ષ બી. પરફોમિંગ આટ્ર્સ | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૩૧. | દ્વિતીય વર્ષ બી. પરફોમિંગ આટ્ર્સ | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૩૨. | તૃતીય વર્ષ બી. પરફોમિંગ આટ્ર્સ | ૩૦-૧-૨૦૧૨ | ૫૦૦-૦૦ |
| ૩૩. | ફર્સ્ટ ઈયર ડિગ્રી ડ્રામા | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૩૪. | સેકન્ડ ઈયર ડિગ્રી ડ્રામા | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૩૫. | થર્ડ ઈયર ડિગ્રી ડ્રામા | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |
| ૩૬. | ડિપ્લોમા ફાર્મસી ભાગ-૧ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | ૨૦૦-૦૦ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩૭. | ડિપ્લોમા ફાર્મસી ભાગ-૨ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | **૨૦૦-૦૦** |
| ૩૮. | ફર્સ્ટ બી.ફાર્મ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | **૨૫૦-૦૦** |
| ૩૯. | સેકન્ડ બી.ફાર્મ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | **૨૫૦-૦૦** |
| ૪૦. | થર્ડ બી.ફાર્મ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | **૨૫૦-૦૦** |
| ૪૧. | ફોર્થ બી.ફાર્મ (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | **૨૫૦-૦૦** |
| ૪૨. | એમ.ફિલ. (ફક્ત રીપિટર) | ૩૦-૧-૨૦૧૨ | **૫૦૦-૦૦** |

**છેલ્લાં વર્ષના વિદ્યાર્થીઓની કૉન્વોકેશન ફી પરીક્ષાના આવેદનપત્ર સાથે લેવાની છે. જે અંગેનો પરિપત્ર અલગથી વેબસાઈટ પર અગાઉ મુકવામાં આવેલ છે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.**

**કોઠામાં જે તારીખ દર્શાવવામાં આવી છે તે તારીખ સુધીમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તેમ જ માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો/અનુસ્નાતક કેન્દ્રોના વિદ્યાર્થીઓના આવેદનપત્રો જરૂરી ફી સાથે કૉલેજોએ સ્વીકારવા અને ત્યારબાદ નિયત કરેલ તારીખે યુનિવર્સિટી કાર્યાલયને પહોચાડવા આવશ્યક છે.**

આવેદનપત્રો માટે આવેદનપત્ર દીઠ રૂ. ૨૫-૦૦ (પચ્ચીસ) અગાઉથી શ્રી. હિસાબનીશ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯ને મોકલી પ્રત્યેક કૉલેજ/સંસ્થા/વિદ્યાભવન/અનુસ્નાતક કેન્દ્રોએ જરૂરી સંખ્યામાં આવેદનપત્રો મંગાવી લેવાનું રાખવું દરેક પરીક્ષા માટેના આવેદનપત્રની જરૂરિયાતનું પત્રક તે સાથે મોકલવું. પરીક્ષા માટેનાં આવેદનપત્રો વિદ્યાર્થીઓએ તેમની લાગતીવળગતી કૉલેજ કે સંસ્થામાંથી મેળવી લેવાનાં રહેશે. અનુસ્નાતક પરીક્ષાઓ માટેનું આવેદનપત્ર યુનિવર્સિટી કાર્યાલયમાંથી રૂ. ૨૫-૦૦ (પચ્ચીસ)ની કિંમતે રૂબરૂમાં પણ મળી શકશે. પરંતુ ટપાલ દ્વારા તે યુનિવર્સિટી કાર્યાલયમાંથી મોકલી શકાશે નહિ. જૂના આવેદનપત્રો ભરેલ હશે તો સ્વીકારી શકાશે નહીં.

પરીક્ષાના આવેદનપત્રો યુનિવર્સિટીને મોકલ્યા પછી જો કોઈ વિદ્યાર્થીનો પરીક્ષા પ્રવેશ આંતરિક ગુણાંકનના કારણે કે ખૂટતી હાજરીના કારણે અથવા કોઈ અન્ય કારણોસર રદ કરવાનો થતો હોય તો તેની જાણ યુનિવર્સિટીને જુદા પત્રથી મોડામાં મોડી જે તે પરીક્ષા શરૂ થવાની તારીખ પહેલાં ઓછામાં ઓછાં ૨ (બે) અઠવાડિયાં અગાઉ અચૂક કરવાની રહેશે.

ઑર્ડિ. ૭૯ હેઠળ જો કોઈ કારણસર ખૂટતી હાજરી માફ કરાવવાની હોય તો તે અંગેની દરખાસ્ત પણ જુદા પત્રથી મોડામાં મોડી યુનિવર્સિટી પરીક્ષા શરૂ થવાની તારીખ પહેલાં બે અઠવાડિયાં અગાઉ ઍકેડેમિક વિભાગને મોકલી આપવાની રહેશે.

વિદ્યાર્થીઓને તેમના આવેદનપત્રમાં જે તે પરીક્ષાના વિષયોના ગ્રુપ કે વિષયોમાં વૈકલ્પિક વિષય લેવાના હોય તે વૈકલ્પિક વિષયનું નામ તેમણે સ્પષ્ટ રીતે દર્શાવવાનું રહેશે. તેમજ વિદ્યાર્થીઓ આ વિષયનાં નામ લખે તનું કૉલેજે ખાસ ધ્યાન રાખવાનું હોય છે.

પરીક્ષા-પ્રવેશપત્રમાં દર્શાવેલ કેન્દ્ર તેમ જ વિષયોમાં પાછળથી કોઈ પણ ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

પ્રાયોગિક પરીક્ષા માટેનાં કેન્દ્રો અને કાર્યક્રમ પાછળથી જાહેર કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ નિયત કરેલા દિવસે અને સમયે હાજર થશે નહિ તેમની પરીક્ષા પાછળથી લેવામાં આવશે નહિ.

**વિદ્યાર્થીએ આવેદનપત્રમાં પોતાનું નામ સ્પષ્ટ રીતે હાયર સેકન્ડરી પરીક્ષાના પ્રમાણપત્ર મુજબ લખવું અને અંગ્રેજીમાં જે જોડણી લખી હશે તે પ્રમાણે જ તેના ગુણપત્રકમાં આવશે. માટે આવેદનપત્ર પૂરતી કાળજીથી ભરવું.**

**યુનિવર્સિટીએ વખતોવખત મોકલેલા પરિપત્રોના સંદર્ભમાં જૂના અભ્યાસક્રમની મુદત વીતી ગઈ છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપવી તેમજ જૂના અભ્યાસક્રમ અન્વયે ટ્રાયલ પૂરી થઈ હોય તેવા પાઠ્યપુસ્તક કે અભ્યાસક્રમની પરીક્ષા લેવામાં આવતી નથી તેમજ ભાષામાં કોઈપણ ટ્રાયલ અપાતી નથી તે વિગતથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા.**

**સૂચના : પરીક્ષા ફીની રકમનો બૅન્ક ડ્રાફટ/પે ઑર્ડર કઢાવી આવેદનપત્ર સાથે મોકલશો ડ્રાફટ કઢાવવા અંગે બૅન્કને ચૂકવવાનું કમિશન બાદ કરી ડ્રાફટ કઢાવશો.**

**જિતેન્દ્ર લિલાણી**
પરીક્ષા નિયામક

પ્રતિ :

આ યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ કૉલેજોના આચાર્યશ્રીઓને તથા ભવનના અધ્યક્ષો તથા માન્ય સંસ્થાઓના વડાઓને.